ISSN: 2319-202X

# પ્રેરણારૂપ શિક્ષકોના પ્રેરકતત્વોનું અધ્યયન

**ડૉ.ભાવેશ આઈ. રાવલ**
આચાર્ય, શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ, પાંડેસરા–સુરત.
MO: 94280 20168 ravalb09@gmail.com

પ્રત્યેક વિદ્યાર્થીના જીવનમાં તેના શિક્ષકની ભૂમિકા ખાસ હોય છે. બાળકનો જન્મ, ઉછેર, સોબત કરતાંય શાળામાં શિક્ષક તરફથી થતાં અનુભવો જીવન પર ઘેરી અસર જન્માવે છે. એટલે જ કહેવાયું છે કે–**'મારો જન્મ મારા માતા–પિતાને આભારી છે, પણ મારું જીવન મારા શિક્ષકને લીધે ઉજ્જવળ છે.'** આમ, શિક્ષક વિદ્યાર્થીને જે ધારે તે બનાવી શકવાનું સામર્થ્ય ધરાવે છે.

વિદ્યાર્થીઓના ઘડતરમાં શિક્ષકનું અનેરું યોગદાન હોય છે. આ બાબત તે હંમેશા યાદ રાખે છે. જીવનની સફળતાના વર્ણન વેળાએ પોતાના આદર્શ એવા ગુરુજનોને અવશ્ય યાદ કરે છે. શિક્ષણ પ્રક્રિયા દરમ્યાન શિક્ષકનું સહજ વર્તન અને કેટલીક આદતો ક્યાંક નકારાત્મક અસર છોડે તો સારી બાબતો જીવનભરનો પ્રભાવ પાથરે છે. આ બધી બાબતોની જાણકારી શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરનાર સૌ માટે મહામૂલું ભાથું બની રહે છે. એકલ–દોકલ વ્યક્તિ સાથેના વાર્તાલાપમાં હંમેશા આવી જ કંઈક બાબતો સાંભળવા મળે. પ્રસ્તુત અભ્યાસ માટે **અભિદ્રષ્ટિ**નો **સ્મરણ–વંદન વિશેષાંક** નિમિત્ત અને માધ્યમ બન્યો છે. જેમાં વિવિધ વ્યક્તિઓએ પોતાના લેખ દ્વારા પોતાના આદરણીય ગુરુજનોના ગુણ, બનેલા પ્રસંગોનું ભાવસભર આલેખન કર્યું હતું. જેનું અધ્યયન કરી સારદોહન કર્યું. તેમજ નકારાત્મક બાબતો, પ્રેરક તત્વ અને પ્રેરક ઘટના કે પ્રસંગ જેવી ત્રણ બાબતોને કેન્દ્રમાં રાખીને વિશ્લેષણ કરી રજૂઆત કરવામાં આવી છે.

**સમસ્યા કથન**

પ્રસ્તુત અભ્યાસ સંદર્ભે સંશોધકે નીચે દર્શાવેલ સમસ્યા પસંદ કરી હતી :

**પ્રેરણારૂપ શિક્ષકોના પ્રેરકતત્વોનું અધ્યયન**

**અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ સહ હાથ ધર્યો હતો.

- વિદ્યાર્થીઓની દૃષ્ટિએ શિક્ષકોમાં જોવા મળતી નકારાત્મક બાબતો જાણવી.
- વિદ્યાર્થીઓની દૃષ્ટિએ શિક્ષકોમાં જોવા મળતા પ્રેરક તત્વો તારવવા.
- વિદ્યાર્થીઓની દૃષ્ટિએ શિક્ષકો દ્વારા થયેલ વાત કે બનેલી ઘટના જે પ્રેરણાદાયી હોય તેની જાણકારી મેળવવી.

**અભ્યાસના પ્રશ્નો**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના  પ્રશ્નોના ઉત્તર મેળવવાનો પ્રયાસ થયો હતો.

- વિદ્યાર્થીઓની દ્દષ્ટિએ શિક્ષકોમાં જોવા મળતી નકારાત્મક બાબતો કઈ કઈ છે?
- વિદ્યાર્થીઓની દ્દષ્ટિએ શિક્ષકોમાં જોવા મળતા પ્રેરક તત્વો કયા કયા છે?
- વિદ્યાર્થીઓની દ્દષ્ટિએ શિક્ષકો દ્બારા થયેલ કઈ વાત કે બનેલી ઘટના જે પ્રેરણાદાયી બને છે?

**અભ્યાસનું સીમાંકન**

- પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક પદ્ધતિએ હાથ ધરાયો હતો.
- નમૂના તરીકે ફેબ્રુઆરી,૨૦૧૨માં પ્રકાશિત અભિદ્દષ્ટિના સ્મરણ–વંદન વિશેષાંકના કુલ ૨૬ લેખો પૂરતો સિમિત હતો.
- અભ્યાસમાં ઉપકરણ તરીકે માત્ર નોંધપત્રકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કરી માત્ર સારભૂત તત્વો સારણીમાં રજૂ કરવામાં આવ્યા હતા.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

ગુરુ–શિષ્ય સંબંધ કે વિદ્યાર્થીઓની દ્દષ્ટિએ શિક્ષકો પરનું પ્રકાશિત સાહિત્ય એ પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ ગણાય. પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં માત્ર અભિદ્દષ્ટિનો ફેબ્રુઆરી, ૨૦૧૨માં પ્રકાશિત સ્મરણ–વંદન વિશેષાંક સહેતુક નમૂના તરીકે પસંદ કર્યો હતો.

**અભ્યાસનું  ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું વિશ્લેષણ કરવા માટે નોંધપત્રકો બનાવવામાં આવ્યા હતા.

**અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ **ગુણાત્મક સંશોધન પદ્ધતિ**એ હાથ ધરાયો  હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

અભ્યાસમાં માહિતીનો ગૌણ સ્ત્રોત ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. જેમાં અભિદ્દષ્ટિ ફેબ્રુઆરી, ૨૦૧૨માં પ્રકાશિત સ્મરણ–વંદન વિશેષાંકની મૂળ નકલ મેળવી અભ્યાસ અને પુનઃ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક હોવાથી અધ્યયન–નોંધ–પુનઃઅધ્યયન–સામાન્યીકરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

૧. શિક્ષકોના વર્તનમાં ખૂબ અલ્પ પ્રમાણમાં નકારાત્મક બાબતો જોવા મળી હતી. આ બાબતોમાં બેઠા બેઠા ભણાવે, ભણાવવાને સ્થાને નોટ ઉતરાવે, યંત્રવત કામ કરે, ડર બતાવે વગેરે હતી.

૨. શિક્ષકોના વર્તન અને વ્યવહારમાં અનેક બાબતો વિદ્યાર્થીઓને પ્રેરક જણાઈ હતી. જેમાં ભેદભાવ કરવો નહિ, નિષ્ઠાપૂર્વક ભણાવવું, જ્ઞાન વૃદ્ધિ માટે મથ્યા કરવું, પૂર્વતૈયારી સાથે જ વર્ગમાં જવું, અસરકારક વ્યાખ્યાન આપવું, રજૂઆતશૈલી પ્રભાવક હોવી જેવી બાબતો મુખ્ય હતી.

આ ઉપરાંત જોવા મળેલ નોંધપાત્ર પ્રેરક તત્વો આ  મુજબ હતા.

ભેદભાવ નહિ, નિષ્ઠાપૂર્વક ભણાવે, ઊંડું જ્ઞાન, પૂર્વતૈયારી, વ્યાખ્યાન, રજૂઆતશૈલી, અધ્યાપકનો આધાર, આશ્રયદાતા, આશ્વાસન, મદદકર્તા, માર્ગદર્શન, વાત્સલ્ય, જિંદાદિલ, મસ્તમૌલા, સર્જક,  સંવેદનાસભર, સમાજસેવી, અભ્યાસ નિષ્ઠા, નિર્દંભ, નિરાભિમાની, તત્પરતા, સૌજન્ય, રોલમોડેલ, આનંદ આપે, સંપૂર્ણ સમજાવે, સુંદર વાંચન, ઉત્સાહ, અનુકૂળતા કરી આપે, વિશ્લેષણસભર, પ્રેમાળ, નિખાલસ, નીતિવાન, ધૈર્યશીલ, સહજોપલબ્ધ, પ્રોત્સાહક, ચિવટાઈ, ગુસ્સો ન કરે, પ્રજ્ઞાવાન,  પ્રાવિણ્યતા, વિદ્યાવ્યાસંગ, સમયપાલન, ટેકીલા, કંઠસ્થિકરણ, આધ્યાત્મિક, શોખીન, હિમતવાન, રમતવીર, ઓલરાઉન્ડર, મોડે સુધી કામ કરે, વતનપ્રેમ, ખુમારી, નિષ્કલંક, સંશોધક, નિ:વ્ર્યાજ, કુતુહલ પ્રેરક, રમૂજી, લેખન કૌશલ્ય, સંઘર્ષ, પ્રયોગકર્તા, ઈનોવેટિવ, નિ:સ્વાર્થ, લો–પ્રોફાઈલ, સાદગી, સરળ ભાષા, તર્કનિષ્ઠ, તટસ્થ.

૩. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ થયેલી રજૂઆત, પ્રસંગો કે બનેલી ઘટનાઓ વિદ્યાર્થીઓ માટે ચિરસ્મરણીય હતી.

**શૈક્ષણિક ફલિતાર્થો**

- શિક્ષકોએ નકારાત્મક બાબતોથી દૂર રહેવું જોઈએ. વર્ગખંડમાં નાવિન્યસભર, પ્રયોગશીલ અને વિવિધ અનુભવયુક્ત અધ્યાપન કાર્ય કરવું જોઈએ.
- શિક્ષકોના વર્તન અને વ્યવહારમાં પ્રેરક જણાયેલ બાબતો અધ્યાપનના રોજિંદા વ્યવહારમાં લાવવી જોઈએ.
- શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ થયેલી રજૂઆત, પ્રસંગો કે બનેલી ઘટનાઓને હંમેશા ધ્યાને રાખી વર્તન–વ્યવહાર કરવા જોઈએ.

**ઉપસંહાર**

અહી દર્શાવેલ પ્રેરક તત્વો અને ઘટનાઓ દરેક શિક્ષક માટે માર્ગ  ચિંધનાર છે. શિક્ષકે નકારાત્મક બાબતને ત્યજી સકારાત્મક અભિગમથી પોતાનું  કાર્ય કરવું જોઈએ જેથી અધ્યાપનની અર્થપૂર્ણતા વધે.

**સંદર્ભસૂચિ:**

શુક્લા, આર. ***અભિદ્રષ્ટિ***. અમદાવાદ: દ્રષ્ટિ ફાઉન્ડેશન. ફેબ્રુઆરી,૨૦૧૨.